GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 5
September- October: 2025

# ગીતકાર દલપત પઢિયાર વિશે નોંધ

: શોધકર્તા :
પઢિયાર મુકેશભાઈ અંબાલાલ
SGGU Ph.D. શોધાર્થી
નોંધણી ક્રમાંક:- 2008817 ,સંપર્ક:- 7874072885

છેલ્લા પાંચ દાયકાના ગુજરાતી ગીતકવિઓ પાસેથી કાવ્યત્વ ભણી પગરણ કરતા નવોન્મેષી ગીતો મળે છે. ગીતની તાસીર બદલાય છે, નિત નવા પ્રયોગો થાય છે. ગીત માત્ર ભાષા કે શબ્દ નહીં પણ જીવન વિચારોને કેન્દ્રમાં લઈને પ્રયોજાય છે. પરંપરા સાથે પ્રયોગશીલ બનવાનું વલણ દેખાય છે. વિષયની દ્રષ્ટિએ મહામાનવને બદલે અદનાઆદમીની વેદના, બેચેની, અકળામણ, એકલતા, બરછટતા, વિકલતા, વિફલતા, યાંત્રિકજીવનની જડતા વગેરે પરિવેશ ગીતમાં નિરૂપાય છે. અવનવી તરકીબો પ્રયોજાય છે. જૂનાગીતો, લોકગીતો, લગ્નગીતો, મરસિયા આદિના લય-ઢાળોમાં પરંપરિત સામગ્રી નૂતન સંવેદનના સંદર્ભે નાવિન્યપૂર્ણ રીતે પ્રયોજાય છે. પોતાના સંવેદનનું, પોતાના સમાજ સંદર્ભોનું, ભાષા સંદર્ભો સાથેનું આલેખન થવા લાગે છે. પુરોગામીઓની કૃતિઓના સંદર્ભો નાવિન્ય પરિપ્રેક્ષ્યમાં સર્જનાત્મક વિનિયોગ સધાય છે. અભિવ્યક્તિની દ્રષ્ટિએ આધુનિક ગીતોમાં પ્રથમ પુરુષ એકવચનનું આલેખન થાય છે. વ્યંગ-કટાક્ષ, ઉપહાસ, અવળવાણીની વેધકતા અનુભવાય છે. પ્રતીક-કલ્પન, પુરાકલ્પન, અસંગતતા, સંદિગ્ધતા આદિ તત્વોનો આધાર લેવાય છે. આ બધું જ દલપત પઢિયારના ગીતોમાં ડોકાય છે.

દલપત પઢિયારનું વતન જૂનો ખેડા જીલ્લો અને બોરસદ તાલુકો, હાલના આણંદ જિલ્લાના આંકલાવ તાલુકાનું કહાનવાડી ગામ. તેમનું વતન સુંદર પ્રકૃતિમાં મહીસાગર નદીના આરે, કોતરોની વચ્ચે વસેલું છે. દલપત પઢિયારનો જન્મ આણંદ જિલ્લાના શીલી (મોસાળ)માં તારીખ ૦૧-૦૧-૧૯૫૦ને રવિવારના રોજ થયો હતો. તેમના પિતાનું નામ નારાયણરામ ભીખુરામ પઢિયાર તથા માતા

દોલતબા. તેમને સત્યાબેન સાથે ઈ.સ. ૧૯૭૬માં સપ્તપદીના ફેરા લીધેલા તેના ફળ સ્વરૂપે બે પુત્રો હરિત અને પ્રણવ, પોતાનું વિવાહિત જીવન જીવી રહ્યા છે.

દલપત પઢિયારનો અભ્યાસ પ્રાથમિક શાળા કહાનવાડીમાં એક થી ચાર ધોરણ સુધી થયો હતો. પાંચમા ધોરણથી ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત ઉત્તર બુનિયાદી વિદ્યાલય વિનય મંદિર બોચાસણ, તાલુકો બોરસદ જીલ્લો આણંદમાં મૂકવામાં આવ્યા હતા. ત્યાં છાત્રાલયમાં રહીને તેઓ ઈ.સ. ૧૯૬૮માં મેટ્રિકની પરીક્ષા પ્રથમ વર્ગમાં પાસ કરી. અમદાવાદ ગૂજરાત વિદ્યાપીઠમાં બી.એ ગુજરાતી વિષય સાથે ઈ.સ. ૧૯૭૧માં પ્રથમ વર્ગમાં પ્રથમથી પાસ કરેલી, ત્યાં જ ઈ.સ. ૧૯૭૩માં ગુજરાતી–સંસ્કૃત સાથે અનુસ્નાતક કરેલું. ત્યાંના પ્રોફેસર મોહનભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ 'ગાંધીયુગનું ગદ્ય' વિષય પર ઈ.સ. ૧૯૭૮માં પીએચ. ડી.ની પદવી મેળવી હતી.

દલપત પઢિયાર અનુસ્નાતક થયા પછી તરત જ ગુજરાતી વિષયના વ્યાખ્યાતા (ખંડ સમયના) તરીકે એચ. વી. આર્ટસ કોલેજ અમદાવાદમાં ઈ.સ. ૧૯૭૬ થી ઈ.સ. ૧૯૭૮ સુધી સેવા આપેલી. ત્યાર પછી ગૂજરાત વિદ્યાપીઠ ગ્રામસેવા કેન્દ્ર રાંધેજામાં ઈ.સ. ૧૯૭૯ થી ઈ.સ. ૧૯૮૩ સુધી અધ્યાપક તરીકે સેવા બજાવેલી. બાળપણથી જ વાંચવામાં ભારે શોખીન દલપત ગુજરાત સરકારની સીધી ભરતીથી વર્ગ એકના ગેઝેટેડ નાયબ માહિતી નિયામક તરીકે ઈ.સ. ૧૯૮૩ (ડિસેમ્બર)માં જોડાયેલા, અને ક્રમશઃ બઢતી બાદ તારીખ ૩૧–૦૧–૨૦૦૮માં અધિક માહિતી નિયામક પદેથી વયનિવૃત થયેલા. દલપત પઢિયાર ગુજરાતી સાહિત્ય અકાદમીના મહામાત્ર તરીકે પણ ઈ.સ. ૧૯૯૬ થી ઈ.સ. ૧૯૯૮ સુધી સેવા આપેલી છે.

દલપત પઢિયારના ઘરમાં 'રવિભાણ સંપ્રદાય'ની ગાદી છે. ગુજરાતમાં રવિભાણ સંપ્રદાયના મુખ્ય ચાર સ્થાનકો સુપ્રસિદ્ધ છે. કમીજળા, રાપર, ખંભાળિયા અને શેરખી. આ શેરખીની પેટાશાખા તે કહાનવાડી. આજથી લગભગ દોઢસો વર્ષ પહેલા દલપત પઢિયારના સાતમી પેઢીના વડવા વીરદાજી મહારાજે સ્થાપેલી. આજે આ જગ્યાના મહંત તરીકેનો વારસો દલપતરામ સંભાળે છે. કહાનવાડીની જગ્યા હેઠળ અઢીસોથી વધુ ગામો પ્રકાશ પામી રહ્યા છે. આ સંપ્રદાય વસ્તી ચેતાવવાનું કાર્ય કરી રહ્યો છે. આ

સંપ્રદાય થકી દલપત પઢિયાર બાળપણથી જ સંતો અને તેમની અઢળક વાણીનો પરિચય પામ્યા છે. ભારતવર્ષની સાધનાધારાના સંતો અને તેમની વાણીનો સ્પર્શ તેમના સર્જનમાં પણ ઓતપ્રોત થતો જોવા મળે છે.

સર્જકનું જીવન એ જ કવન છે. ગર્ભથી રવિભાણ સંપ્રદાયનો આધ્યાત્મિક વારસો, ગ્રામ્ય સંસ્કૃતિનો પ્રભાવ, શિક્ષણ દરમિયાન ગાંધી વિચારધારા સાથે સ્પર્શ, ઉચ્ચ અભ્યાસ અને વ્યવસાયમાં નગર સંસ્કૃતિનો નાતો, સતત 'હું'ની શોધ –આ બધું જ સર્જકનું જીવન છે. અને તેનો પ્રભાવ તેમના સર્જનમાં ડોકાતો દેખાય છે.

"સર્જનાત્મક સાહિત્ય સ્વરૂપોમાં મારો પ્રથમ પ્રેમ 'કવિતા' સાથે છે કવિતાએ મને એકધારો રોકેલો રાખ્યો છે. કવિતા સાથે મારી સગાઈ સ્થાયી, અતુટ અને અંદરની છે."[૧] કવિતા સાથે સ્થાયી, અતૂટ અને અંદરનો નાતો ધરાવતા દલપત પઢિયારની સર્જનયાત્રા 'ચાલો સૈયર, સાતેક ડગલાં સાથે જઈએ' થી શરૂ થઈ 'સરખી સહેલીઓ ટોળે મળીને જુમનાજીને તીર ઝીલણ  ઝીલવા' સુધી વિસ્તરે છે. અને આજ સુધી ચાલતી રહે છે. સર્જકનો પ્રથમ કાવ્યસંગ્રહ 'ભોંચાબદલો' (ઈ.સ. ૧૯૮૨) અને બીજો કાવ્યસંગ્રહ 'સામે કાંઠે તેડા' (ઈ.સ. 2010) આપણને મળે છે. બન્ને સંગ્રહમાંની મોટા ભાગની રચનઓ 'કવિતા', 'કવિલોક', 'શબ્દસૃષ્ટિ', પરબ', 'અખંડ આનંદ', આદિ અનેક સામયિકોમાં પ્રસિદ્ધ થયેલી છે.

કવિના બન્ને સંગ્રહોમાં મળીને કુલ ૧૧૦ રચનાઓ આપણને મળે છે. લગભગ ૪૮ જેટલાં ગીતો અને ૫૭ જેટલા અછાંદસ અને પાંચેક છાંદસ રચનાઓ જોવા મળે છે. અહીંયા ગીત અને અછાંદસ રચનાઓ દલપત પઢિયાર પાસેથી આપણને વધારે સંખ્યામાં મળે છે. માટે રઘુવીર ચૌધરી પણ કહે છે. કે "અત્યારે તો કવિ દલપત પર ગીતકાર દલપતની આણ ચાલે છે. આપણે ઈચ્છીએ કે બેઉ સ્વરૂપ એમના હાથે સ્પર્ધાત્મક રીતે ખેડાય."[૨] અહી  અછાંદસ અને ગીતો સરખા પ્રમાણમાં રચાયેલા જોઈ શકાય છે.

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 5
September- October: 2025

દલપત પઢિયારના ગીતોના વિષયવસ્તુ સંદર્ભે ચંદ્રકાન્ત શેઠ નોંધે છે. "દલપતની કવિતામાં આધ્યાત્મનો ભગવો રંગ, ઝાડપાનનો લીલોરંગ, માટીનો રંગ, નગરજીવનનો ધૂમ્રમિશ્રિત રંગ ને અત્રતત્ર ક્યાંક ક્યાંક પ્રેમસંબંધનો કસુંબલ રંગ પણ જોવા મળે."[3] દલપતને સૌથી વધારે પ્રભાવિત અને પજવનારો માતબર મુલક તેમનું બાળપણ અને વતન પ્રદેશ છે. ગીતકાર વતનને છોડીને નગરમાં વસે છે ત્યારે તેમની હાલત શું છે? સતત નગરમાં વતનપ્રદેશને ઝંખ્યા કરે છે. નગરમાં જઈને ગીતકાર પોતે પોતાને ખોઈ બેઠા છે. દલપત પઢિયારને નગરમાં વાસ કરતા સ્વભાવિક વતન પ્રદેશ પજવનારો અને વિચ્છેદના ભાવવાળો રહ્યો છે. વતન અને નગર ઉગમણા આથમણા બે છેડા સમાન બન્યા છે. તેવો ગીતોમાં ભાવ અનુભવે છે. ગીતકારને આખી પરંપરાની ગાદી મૂકીને ગાંધીનગરની ખુરશી સંભાળવાની થઈ તેનો વસવસો તેમના ગીતોમાં કાયમ માટે પ્રયોજાય છે.

"કોઈ મને મૂકી આવો એવા સ્થળે
જ્યાં માટી જેવું મળે
ઊંડા ચીરા હોય ચાસના તોય ખેતરને
લેણું આખર હળે..."

–સામે કાંઠે તેડાં પૃષ્ઠ ૧૩

અહીં ખેતર અને હળના કલ્પન દ્વારા ગીતકાર કહે છે તેમ, નગર ગમતું નથી અને ગામ આવકારતું નથી. છતાં પણ ગીતકારને ગામ સાથે જ નાતો છે. માટી જેવું ત્યાં જ મળશે તેવો પોતાની જાતને દિલાસો આપે છે. ભલે ઊંડા ચીરા પડી જાય છતાં ખેતરને હળ સાથે જ નાતો હોય છે, એમ સર્જકને મન ગામ પહેલા જેવું નથી છતાં તેનો અતૂટ નાતો છે. સાથે 'અમારે પણ ગાવું છે' ગીતમાં કવિ પ્રકૃતિના તત્વો સાથે ગાવાની ઈચ્છા દર્શાવે છે.

"પેલા મોરલાને કે'જો રે, અમારે પણ ગાવું છે!
એની રંગ રંગ ટીલડી રે, અમારે રંગાવુ છે."

–સામે કાંઠે તેડાં પૃષ્ઠ ૩૫

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 5
September- October: 2025

ગીતમાં આવતા કોયલના ટહુકાની જેમ સર્જકને પણ પડઘાવું છે, ઝરણાંની જેમ વહી જાવું છે, વાદળીની જેમ ચડી ના'વું છે. પ્રકૃતિના તત્વો સાથે પોતે જીવવાની ઈચ્છા ગીતકાર દર્શાવે છે. પણ નગરમાં કાંઈ એ શક્ય બનતું નથી. તો વ્યંગ–કટાક્ષમાં સર્જક ધાર્યું નિશાન પાર પડી જાય છે. 'ટેંટોડો' ગીત હાસ્ય જન્માવે છે.

"ટેંટોડો તો ટાલવાળો, ટોપી માગી લાયો બેની!
ઘંઈડી ઢહરક મૂછોવાળો, મેંસ્યો આંજી આયો બેની!
બોલસ્યા એની બાળ–કુંવારી, કાનુડો!
એની હેંડસ્યા હલક–મલક,
ઘેલો ટેંટોડો!"

–ભોંયબદલો પૃષ્ઠ ૧૦૫

અહીં એંશી વર્ષનો ટેંટોડો અને મોઢામાં દુધિયા દાંત? પ્રયોગો જ હાસ્ય–વ્યંગ–કટાક્ષ જમવા માટે પૂરતો છે. એ જ ટેંટોડો ટાલવાળો છે અને ટોપી માંગી લાયો છે. ટાલ છુપાવવા, બોલસ્યા બાળકુંવારી છે. કાનુડા જેવી હેડસ્યા, યુવાનોને શરમાવે તેવી છે. ગીતમાં હાસ્ય અને કટાક્ષ જન્માવવાનું કામ દલપતની આગવી કલા સાબિત થાય છે. "વ્યંગવિનોદનાં છાંટણાંથી તીણી તિર્યકતા દાખવતા ને આત્મચિકિત્સા કરી જાતને સતત ટપારતા રહેતા સ–ભાન કવિ."[૪] એંશી વર્ષના વ્યક્તિની ઈચ્છાઓ પણ કેવી કેવી હોય છે? એ કટાક્ષ દ્વારા ગીતમાં રજૂઆત થાય છે.

દલપત પઢિયાર રાધાકૃષ્ણ પ્રણય પણ પ્રયોજે છે. પ્રણય વિષયવસ્તુમાં ખાસ કંઈ અર્પણ કર્યું નથી. પણ જેટલું છે તેટલું ઉત્તમ બન્યું છે. 'ઝીલણ ઝીલવા ને!' ગીત ઉત્તમ પ્રણય ગીત બને છે.

"સરખી સાહેલીઓ ટોળે મળીને કાંઈ
ગ્યાંતાં જુમનાજીને તીર ઝીલણ ઝીલવાને!
વેણુ વાગે ને સુતી નગરી જાગે,
મન મથુરાને મારગે અધીર. ઝીલણ ઝીલવાને!"

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 5
September- October: 2025

–સામે કાંઠે તેડાં પૃષ્ઠ ૨૩

અહીં સરખી સહેલીઓ ટોળે મળીને મથુરાના માર્ગે ઝીલણ ઝીલવાને આતુર છે. અહીં આવતા નાડીઓના વેગ નહીં થિર, કાચી કાયાના અમીર, છુટા મેલ્યાંતાં શરીર, પછી નીર જેવાં નીર ધર્યા ચીર, પ્રણયની પરાકાષ્ઠા દર્શાવે છે. દલપત ખુબ આછા પ્રણય વિષયવસ્તુ તરફ રહ્યા છે. અહીં આ ગીત પણ રાધાકૃષ્ણના પ્રણયનું ગીત બની રહે છે. "દલપત પઢિયાર પાસે તળપદ ભાવોનો ખજાનો છે, અધ્યાત્મનું લયલીન ગાણું છે. એમનામાં સંગોપનની કલા છે, કંઠ છે– 'ઝૂંપડી ઠીક પડે ત્યાં બાંધો' એમ કહીને અંદર આસન જમાવવાનું એ સુચવે છે."[૫] દલપત પઢિયાર ગીતોમાં મૃત્યુને પણ વિષય બનાવીને લાવે છે. પોતાના દાદા–દાદી હયાત હતા ત્યારે તેમના ન હોવાનું સ્મરણ થયું. તે 'પુણ્યસ્મરણ' રચનામાં રજૂ કરે છે.

"અમને કોની રે સગાયું આજ સાંભરે,
ઊંડે તળિયાં તૂટે ને સમદ્ર ઉમટે...
કોની રે સગાયું આજ સાંભરે
આજે પરસાળ્યું ઢાળીને સૌને પોંખીએ...
અમને સાચી રે સગાયું પાછી સાંભરે"

ભોંયબદલો પૃષ્ઠ–૧૧૧

દાદા ન હોય છતાં તેમના ખોંખારા સૂની શેરીએ સર્જકને સંભળાય છે. દાદા ડેલીયે દેખાય છે. 'માડી વાતો રે વાવે ઉજ્જડ ઓટલે' પ્રયોગ કેટલો ઘેરો શોક જન્માવે છે. અંતે સાચી સગાયું સૌને પોંખવામાં છે. એમ સાચી સગાયું મળી છે.

દલપત પઢિયારના ગીતોમાં કલ્પનોની સાથે પ્રતીકો પણ વપરાય છે. કેટલાક પારંપરિક પ્રતીકોની સાથે સર્જકના ગીતોમાં નવા પ્રતીકો પણ જોવા મળે છે.

"ઊંચી નેંચી ખજૂરી ઘમઘમે રે.
અમે ટૂંકાં તણાતાં કમાડ રે.

સાજણ એકલ આંબેલો"

ભોંયબદલો પૃષ્ઠ– ૮૨

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 5
September- October: 2025

અહીં આંબેલો કહો કે આંબો સર્જકની રવિભાણ પરંપરાના સંતોનું પ્રતીક બનીને આવે છે. એટલે પરંપરાનું પ્રતીક બને છે. ખજૂરી પણ સદાય મીઠાશનું રૂપક બને છે. અહીં ગીતમાં સર્જક પરંપરાના સંતો સાથે પોતે સામાન્ય છે. એમ સમર્પણ ભાવ રજૂ કરે છે. દલપતના ગીતોમાં આંબો પરંપરાનું, નાગ કામનું, અંધારું અજ્ઞાનનું, દીપ–દિવડો જ્ઞાનનું, માછલી ઈચ્છાઓનું, રજગરો યૌવનનું પ્રતીક બનીને આવે છે. "'રાજગરો' એ એક પ્રતીક બનીને આવે છે. અહીં ગીતનો લય આકર્ષક છે."[૬] દલપતના ગીતોમાં લોકગીતો, ભજન, મરસિયા, લગ્નગીતો, સમકાલીન અને પૂરોગામીઓના ગીતો સાથે અનુસંધાન તથા છંદોનો લય અને ઢાળ જોવા મળે છે. "દલપત પઢિયારનાં ગીતોને પણ અભિવ્યક્તિરીતિએ જોઈએ તો તેમાં ભજન પરંપરાનું અને લોકગીતોનું અનુસંધાન છે ને માટે એમના ગીતોમાં મોટા ભાગે આઠ–આઠ કે નવ અંતરા હોય છે."[૭]

"તેમનાં ગીતોમાં તળપદી બોલીના લહેકા, લોકગીતોના લય, નૂતન કલ્પનો, તજગીસભર ભાવનિરૂપણ, વિચ્છેદની વેદના અને કટાક્ષનાં દર્શન થાય છે."[૮] દલપતના ગીતોમાં ગ્રામ્ય તળપદા બોલી આલેખાય છે. તો વળી સંસ્કૃત શબ્દો પણ સર્જકનો પીછો કરે છે. કાવ્યસંગ્રહના અંતમાં ગીતકાર પોતે શબ્દોને સમજાવે છે.

આમ, ગીતકાર દલપત પઢિયાર પાસેથી ગુજરાતી સાહિત્યને ઘણા ઓછા પણ સત્વશાળી ગીતો મળે છે. આ વહેણ ચાલુ રહે એવી અભિલાષા સહ અહીં વિરામ.

### ❖ સંદર્ભસૂચિ :–

૧. **શબ્દસૃષ્ટિ** : ઑક્ટોબર–નવેમ્બર ૨૦૧૧, પૃષ્ઠ – ૪૮

૨. **ભોંચબદલો**, પ્રકાશકનું નિવેદન, દલપત પઢિયાર, પ્રથમ આવૃતિ માર્ચ ૧૯૮૨, પૃષ્ઠ – 4

૩. **સામે કાંઠે તેડાં**, દલપત પઢિયાર, પ્રથમ આવૃતિ માર્ચ ૨૦૧૦, પૃષ્ઠ – ૨૧

૪. **પ્રતિપદા**, સંપાદક પ્રશાંત પટેલ, યોગેશ પટેલ, પ્રથમ આવૃતિ ૨૦૧૫, પૃષ્ઠ – ૧૩૨

૫. **સ્વાતંત્ર્યોત્તર ગુજરાતી ગીત પ્રવાહ**, ડૉ. ભગીરથ બ્રહ્મભટ્ટ, પ્રથમ આવૃતિ ૨૦૦૪, પૃષ્ઠ–૧૮૨

૬. **અર્વાચીન ગુજરાતી ગીત વિશે**, ભગીરથ બ્રહ્મભટ્ટ, પ્રથમ આવૃતિ ૨૦૦૯, પૃષ્ઠ – ૧૪૮

૭. **આધુનિકોત્તર કવિતા**, અજયસિંહ ચૌહાણ, પ્રથમ આવૃતિ ૨૦૧૩, પૃષ્ઠ – ૧૦૨

૮. **ગુજરાતી ગીત સ્વરૂપ અને વિકાસ**, પથિક પરમાર, પ્રથમ આવૃતિ ૨૦૧૯, પૃષ્ઠ – ૧૯૫